ISSN : 2319-202X

સમષ્ટિ ટ્રસ્ટ, વડોદરા દ્વારા પ્રકાશિત

# શિક્ષણ દર્શન

# SHIKSHAN DARSHAN

A Peer reviewed Journal




પરામર્શક અને પ્રેરણાસ્ત્રોત

પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી

તંત્રી

ડો. જિજ્ઞેશ બી. પટેલ

# અનુક્રમણિકા


સંપાદકની કલમે — 4

1. ECCE અને નવીન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2019 — 5
   ડૉ. હર્ષાબેન જીજ્ઞેશ પટેલ
2. "જ્ઞાનકુંજ": પ્રાથમિક શિક્ષણક્ષેત્રે ડીજીટલયુગનો પ્રારંભ — 10
   શ્રી ગોવિંદભાઈ પટેલ
3. હિન્દી વિષયના પાઠ્યપુસ્તકમાં બુનિયાદી શિક્ષણનાં તત્ત્વો — 14
   ડૉ.અશોક પરમાર
4. આઝાદીનું મૂલ્ય હાલના સમયમાં કેટલું આવશ્યક અને આવકાર્ય છે? — 20
   ડૉ. હેતલબેન ગણેશભાઈ પરમાર
5. એલ્કેમિસ્ટ: સેવેલું સપનું સાકાર કરવાની પ્રેરણા આપતી નવલકથા — 26
   પ્રજાપતિ હાર્દિકકુમાર રૂપાભાઈ
6. વૈદિક સાહિત્યમાં નિરૂપિત શિક્ષણ – વિભાવના — 30
   ડૉ.યોગિની એચ.વ્યાસ
7. ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સિદ્ધિ પ્રેરણાનો તેમની જાતિ અને વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ — 32
   મોહન આર. વાજા અને ડૉ.મહેશ નારાયણ દીક્ષિત
8. રાષ્ટ્રીયવાદ અને સરદાર પટેલ — 39
   ડૉ.મીના આઈ. રાજપૂત
9. શાળા શિક્ષણમાં રમત અને સ્વાસ્થ્ય — 43
   કલ્પેશ એન. સોલંકી
10. વડોદરા જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સાંવેગિક બુદ્ધિનો અનુકૂલનના સંદર્ભમાં અભ્યાસ — 46
    પ્રો. મનીષકુમાર વી. પટેલ / ડૉ. જીજ્ઞેશ પટેલ
11. ૨૧મી સદીમાં શિક્ષકની ભુમિકા — 52
    જીતેન્દ્ર ભાગુભાઈ ભીમડા
12. પાઠ્યપુસ્તક: એક જડ માળખું કે માર્ગદર્શક? — 53
    ડૉ. જે. કે. જોષી
13. શિક્ષણ દર્શનના લવાજમ અંગે — 60

# પાઠ્યપુસ્તક: એક જડ માળખું કે માર્ગદર્શક?

ડૉ. જે. કે. જોષી
પ્રોફેસર અને હેડ, શ્રીમતિ આર. કે. ડી. જનુભિયા એમ. એડ્. કૉલેજ, પાટણ
Mo : 94287 53911 Email:- jayna.patan@gmail.com

અધ્યયન એક પ્રક્રિયા છે. તેના દ્વારા વ્યક્તિ પોતાના જીવનમાં સાચી રીતે શીખે છે. પોતાનું જીવન સંતોષપ્રદ રીતે જીવતાં શીખે તે અગત્યનું છે. આ પ્રમુખ ધ્યેયની પ્રાપ્તિ માટે જ આપણે આપણા બાળકોને શિક્ષણ આપીએ છીએ. શિક્ષણની જ્યારે વાત આવે ત્યારે શિક્ષણના વિવિધ સ્તરો પર અભ્યાસ કરાવવા માટે તૈયાર કરેલ અભ્યાસક્રમની વાત જરૂર આવે. અભ્યાસક્રમ પોતે સાધ્ય નથી પણ સાધન છે. તેની મદદ વડે પૂર્વ નિર્ધારિત શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ શક્ય બને છે. અભ્યાસક્રમના આધારે પાઠ્યપુસ્તકની રચના થાય છે. પાઠ્યપુસ્તક એ શાળા શિક્ષણનો એક અભિન્ન ભાગ જ નહીં પણ અધ્યયન પ્રક્રિયા માટે મહત્વનો સંદર્ભ સ્ત્રોત છે. પાઠ્યપુસ્તક સર્વ વ્યાપી છે. વર્ષો વિતવાની સાથે સાથે તેઓ વધારે ને વધારે રંગીન, વધારે જ્ઞાન સમૃદ્ધ, વધારે અનુસંગિક વિષયવસ્તુ સભર બન્યાં છે. વર્તમાન પાઠ્યપુસ્તકો સીડી-રોમ, અધ્યયન માર્ગદર્શિકા અને જરૂરી વેબસાઈટની યાદી સાથે તૈયાર મળતા થયા છે.

ભારતીય શાળાઓમાં મોટેભાગે પાઠ્યપુસ્તક કેન્દ્રમાં છે. મોટા ભાગ ની શાળાઓમાં તેના પાને-પાનાને અનુસરીને પાઠ્યક્રમ પુરો કરવામાં આવે છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં રજૂ કરેલ મુખ્ય પાંચ મુદ્દાઓ માંથી એક સિદ્ધાંત "પાઠ્યપુસ્તક થી પર જવું" છે. ભારત ઉપરાંત સાઉથ આફ્રિકા, કોરિયા અને ચાઈના જેવા દેશો પણ પાઠ્યપુસ્તક કેન્દ્રિત શિક્ષણ આપે છે. પાઠ્યપુસ્તક કેન્દ્રિત એશિયાઈ દેશો માં પાઠ્યપુસ્તક એક સુઆયોજિત સૂચનાઓ અને અભ્યાસ સામગ્રીનું માળખું પૂરું પાડે છે?

ટેક્નોલોજીના વર્તમાન સમયમાં એવો પ્રશ્ન ઘણીવાર ઉદભવે કે હવે પાઠ્યપુસ્તકની જરૂર છે? ઈન્ટરનેટ પર અનેક વીડીઓસ, અનેક ઓડીઓસ અને અનેક મટેરીઅલ ઉપલબ્ધ છે. જ્ઞાનના વિસ્ફોટના યુગમાં જ્યારે પળે-પળે નવા જ્ઞાનનો ઉમેરો થતો રહે છે ત્યારે હાલનું જ્ઞાન આવતીકાલે તો જુનુ થઈ જાય છે. પાઠ્યપુસ્તકમાં છાપવામા આવેલી માહિતિ પણ જૂની બની જાય છે. તે મુજબ ઓછા સમયમાં અપ્રસ્તુત બની જાય તો પાઠ્યપુસ્તક છાપવામા કરેલ ખર્ચ નકામો જાય છે. આવા સમયમાં પાઠ્યપુસ્તક મંડળ પાઠ્યપુસ્તક તૈયાર કરે તેની ઉચિતતા કેટલી? માત્ર અપેક્ષિત મૂલ્યો, એકમો અને અપેક્ષિત વર્તન પરિવર્તનોની યાદી આપી દેવામાં આવે તો? પ્રસ્તુત અભ્યાસ લેખ ઉપરોક્ત પ્રશ્નોના ઉત્તરો





શોધવાનો એક નમ્ર પ્રયાસ છે. જ્યારે નવી શિક્ષણ નીતિ આવવાની અભ્યાસની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે શિક્ષણનીતિના સંદર્ભ માં એમ કહી શકાય કે તે અપેક્ષિત અધ્યયન નીપજોની યાદી છે. માત્ર નવી શિક્ષણનીતિ કે નવો અભ્યાસક્રમ આપી દેવાથી શિક્ષણ સુધરી જવાનું નથી. તેને ધોરણો ઉંચા લઈ જવા માટે નવો અભ્યાસક્રમ તૈયાર કરવો જરૂરી છે.

**ધારોકે પાઠ્યપુસ્તક તૈયાર ન કરવામાં આવે તો ?**

ધારો કે પાઠ્યપુસ્તક તૈયાર ન કરવામાં આવે અને શિક્ષકો ને અભ્યાસિકો મટેરિયલ તૈયાર કરી અને અભ્યાસક્રમના ધ્યેયો સિદ્ધ કરવાનું કહેવામાં આવે તો શું થાય?

- અલગ -અલગ શાળાએ અભ્યાસક્રમનું સ્તર શિક્ષકની અપેક્ષા મુજબ બદલાઈ જાય.
- વિવિધ કક્ષાએ અભ્યાસક્રમનું જે સમાન આયોજન છે તે ન રહે અને તેનું વ્યવસ્થાપન કરવું, મુલ્યાંકન કરવું અઘરું બની રહે.
- પ્રત્યેક શાળામાં કયા ધોરણમાં, કઈ કક્ષા સુધી અભ્યાસક્રમ ભણાવવો તે શિક્ષક પર આધારિત હોઈ શાળાઓ વચ્ચે વિષયવસ્તુના સંદર્ભે વિસંગતતાઓ ઉભી થઈ શકે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓના પેપર કાઢવામાં વિષયવસ્તુ બાબત તકલીફ પડી શકે.
- સૌ પ્રથમ તો વાલીઓનુ માનસ આ માટે તૈયાર કરવું પડે. જે વાલીઓ ઉંડી દ્રષ્ટિ વાળુ માનસ ન ધરાવતા હોય તો તેઓ વિષયવસ્તુ વિદ્યાર્થીઓને ગોખાવતા હોય છે. પોતાના બાળકને વિષયની સંકલ્પના સમજાવવાને બદલે તેઓ તેને ગોખાવી શબ્દશ: કરાવતા હોય છે. આવા સંજોગોમાં પાઠ્યપુસ્તકો વગર તેઓના શિક્ષક સાથે વારંવાર સંઘર્ષ થાય તેમ પણ બને.
- હરીફાઈના આ જમાનામાં બાળ મનોવિજ્ઞાન ન જાણનાર વાલીઓનો તો જ્યાં વધારે વિષયવસ્તુ ભણાવાય છે ત્યાં પ્રવેશ માટે વધુ ધસારો રહે એમ પણ બને. બિચારા બાળકને વિષયવસ્તુ વધુ ગોખવાનો વારો આવે તેમ પણ બને।

**માત્ર અપેક્ષિત વર્તન પરિવર્તનોની યાદી આપી દેવામાં આવે તો?**

ચાલો કલ્પના કરી એ કે આ અભ્યાસક્રમને અનુરૂપ પાઠ્યપુસ્તકો તૈયાર ન કરતાં માત્ર અપેક્ષિત મૂલ્યો, એકમો અને અપેક્ષિત વર્તન પરિવર્તનોની યાદી આપી દેવામાં આવે તો? ખરેખર તો વર્તમાન સમયમાં જ્યારે એક સમાન્ય માનવીના હાથની આંગળીઓના ટેરવે જ્યારે જ્ઞાનનો સમુદ્ર ઉપલબ્ધ છે ત્યારે માત્ર અપેક્ષિત મૂલ્યો, એકમો અને અપેક્ષિત વર્તન પરિવર્તનોની યાદી આપી દેવામાં આવે તે વધારે ઉચિત લાગે છે.

ISSN: 2319-202X Shikshan Darshan Peer Reviewed Journal

પ્રત્યેક શિક્ષક હવે કોમ્પ્યુટરનો જાણકાર અને ટ્ચ સ્ક્રીન મોબાઈલ ધારક છે. તેને આપવામાં આવેલ અપેક્ષિત વર્તન પરિવર્તનોની યાદીને અનુરૂપ તે પોતાના સ્થળ અને કાળને અનુરૂપ જરૂરી સાહીત્ય તે વેબસાઇટ ઉપરથી મેળવી તેનો અધ્યાપનમાં ઉપયોગ કરી શકે. તે પોતાના **વિદ્યાર્થીઓને પોતાની સૂઝ અને સમજ પ્રમાણે શ્રેષ્ઠ જ્ઞાનનો રસાસ્વાદ કરાવી શકે.**

**પરંતુ આ માટે...**

- શિક્ષક પાસે વિષયવસ્તુ પસંદ કરવા માટેની વિવેકબુદ્ધિ અને કૌશલ્યો જોઇએ.
- શિક્ષકે વિષયવસ્તુ પસંદ કરવા માટે સમય વધારે ફાળવવો પડે.
- વિદ્યાર્થીઓની પશ્ચાદ્ ભૂમિને અનુરૂપ તે વિદ્યાર્થીઓને જ્ઞાન આપી શકે તે માટે તે વિદ્યાર્થીઓની પશ્ચાદ્ ભૂમિનો જાણકાર હોવો જોઇએ.
- શાળાઓ ભૌતિક સુવિધાઓ જેવીકે પ્રિન્ટર, કોમ્પ્યુટર અને ઇન્ટરનેટ જોડાણથી સજ્જ હોવી જોઇએ.

આપણે એ જાણીએ છીએ કે ભારતની વર્તમાન પરિસ્થિતિ શું છે । પરંતુ, વિશ્વમાં જયારે મુક્ત અભ્યાસ સંદર્ભો મળી રહ્યા છે ત્યારે માત્ર ને માત્ર પાઠ્યપુસ્તકને વળગી રહેવું યોગ્ય નથી. આવા સમયે શિક્ષકે પોતાના અનુભવને આધારે તેને લઘુતમ અધ્યયન ક્ષમતા તરીકે સ્વિકારી તેમાં વિવિધ વિષયોમાંથી રોજીંદા જીવનમાં વ્યવહારને લગતા ઉદાહરણો અને જીવન કૌશલ્યો શીખાવાડવા જ જોઇએ.

**ધારોકે વિદ્યાર્થી પાસે પાઠ્યપુસ્તક ન હોય તો?**


શિક્ષણ ના કોઈપણ તબક્કે જો વિદ્યાર્થીઓ પાસે પાઠ્યપુસ્તક ન હોય તો વિદ્યાર્થીનો મોટાભાગનો સમય વિષયવસ્તુ ને પોતાની નોટબૂકમાં ઉતારવામાં વેડફાઇ જાય. ઘણા બાળકો પાઠ્યપુસ્તકની ઉંચી કિંમતને કારણે તેને ખરીદી શકતાં નથી. તેના અધ્યયન ઉપર તેની નકારાત્મક અસર થાય છે. ભારત જેવા દેશો કે જ્યાં વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય, શાળાઓ ભૌતિક સુવિધાઓ જેવીકે પ્રિન્ટર, કોમ્પ્યુટર અને ઇન્ટરનેટ જોડાણથી સજ્જ ન હોય, શિક્ષકો ની અછત હોય અથવા બિનતાલીમી શિક્ષકો હોય તેવી સ્થિતિમાં પાઠ્યપુસ્તક વિદ્યાર્થી માટે આશિર્વાદરૂપ છે.

**પાઠ્યપુસ્તક અને અધ્યયન નીપજ**

પાઠ્યપુસ્તક વિદ્યાર્થીની અધ્યયન નીપજ સુધારવામાં મહત્વનો ફાળો આપી શકે તેમ છે. વળી, એક સુઆયોજિત પાઠ્યપુસ્તક શિક્ષણની અસરકારકતા સુધારવામાં મહત્વનું સાધન છે. એક સારું પાઠ્યપુસ્તક શિક્ષણની અસરકારકતા સુધારવામાં કઈ રીતે ઉપયોગી છે તેને એક આકૃતી દ્વારા સમજીએ.



ISSN: 2319-202X Shikshan Darshan Peer Reviewed Journal




ઉપરોક્ત આકૃતિ દ્વારા એક સારા પાઠ્યપુસ્તકનું મહત્વ સિદ્ધ થાય છે. શિક્ષક, વિદ્યાર્થી અને અસરકારક અધ્યયન પરિસ્થિતિ માટે પાઠ્યપુસ્તક ઉપયોગી છે. એક સારું પાઠ્યપુસ્તક સારું સંદર્ભ સાહિત્ય બને છે. પુરક વાંચનનો સ્ત્રોત છે. વિવિધ વર્ગખંડ પ્રવૃતિઓ માટે પ્રેરણા રૂપ બને છે. અભ્યાસક્રમ પુરો પડી તે અસરકારક અધ્યયનમાં મદદ કરે છે.

**એક શિક્ષક માટે ...**

શિક્ષકને પાઠ આયોજન કરવામાં મદદરૂપ થાય છે. શિક્ષકને પાઠ્યપુસ્તક પાઠ વિશેના દિશાનિર્દેશ પુરા પડે છે. શિક્ષકનો સમય બચાવે છે જેથી તે સમયનો ઉપયોગ તે વિદ્યાર્થીઓને ગહન અધ્યયન અનુભવો પુરા પાડવામાં કરી શકે. વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવામાં પણ પાઠ્યપુસ્તક ઉપયોગી બને છે. એક શિક્ષકને આત્મવિશ્વાસ પણ પુરો પડે છે. હાલની વ્યવસ્થા પ્રમાણે પાઠ્યપુસ્તકના માળખા દ્વારા શિક્ષણ તંત્રનું સ્વરૂપ રજુ થાય છે અને સાથે સાથે સુઆયોજિત રીતે જ્ઞાનના સ્વરૂપની રજૂઆત કરી શકાય છે. અધ્યાપનના અનેક સાધનો પૈકી નું એક મહત્વનું સાધન પાઠ્યપુસ્તક છે.

**એક વિદ્યાર્થી માટે...**

પાઠ્યપુસ્તકને કારણે અભ્યાસક્રમને એક આયોજિત માળખા તરીકે જોઈ શકાય છે જેથી સમગ્ર વર્ષ દરમિયાન અને સેમેસ્ટર દીઠ કઈ કઈ પ્રવૃતિઓ કરવાની છે તેનો ખ્યાલ આવે છે. વિદ્યાર્થીએ વર્ગ અને વર્ગ બહાર કરવાના અધ્યયન આયોજનોમાં મદદ મળે છે. વિદ્યાર્થીને ઝડપી, સારું, સરળ અને સ્પષ્ટ આયોજન કરવામાં મદદ મળે છે.

**પાઠ્યપુસ્તક અને વિદ્યાર્થીઓનું અર્થગ્રહણ**

અર્થગ્રહણએ વાંચન સામગ્રીમાંથી અર્થ તારવવાની એક ક્ષમતા છે. આ ક્ષમતા વાંચન સામગ્રીના અનુવાદ જેવાકે શબ્દોમાંથી આંકડામાં રુપાંતરણ, સમજૂતી કે સંક્ષેપીકરણ કરવા જેવી અર્થગ્રહણની ક્રિયા દ્વારા અથવા વાંચન સામગ્રીમાંથી ભાવી અંગેની આગાહી કરવાની ક્ષમતા દ્વારા પ્રદર્શીત થાય છે. એક સારુ પુસ્તક તેમાં સમવિષ્ટ ચાર્ટ, નકશા, આકૃતિ, સારણીઓ અને સમજૂતી દ્વારા વિદ્યાર્થીને અર્થગ્રહણ કરવા માટેની સામગ્રી પૂરી પાડે છે.

**પાઠ્યપુસ્તક અને વિદ્યાર્થીઓની સ્વ – સંકલ્પના**

સ્વ – સંકલ્પનાનો અર્થ સામાન્ય શબ્દોમાં આપીએ તો એમ કહી શકાય કે પોતન માટેનો વ્યક્તિનો પોતાનો અભિપ્રાય. શાળાની અતિ મહત્વની જવાબદારીઓ પૈકીની એક જવાબદારી એ પણ છે કે વિદ્યાર્થીઓની સ્વ – સંકલ્પના હકારાત્મક થાય. આ માટેના મહત્વના અનેક ઉપકરણો પૈકીનું એક ઉપકરણ પાઠ્યપુસ્તક છે. તેના દ્વારા સ્વ – સંકલ્પના, હિમ્મત, મજબૂત મનોબળ જેવા હકારાત્મક સંદેશાઓ વિદ્યાર્થીઓ સુધી પહોચાડી શકાય છે. વિદ્યાર્થીનું જ્ઞાન અને વિચાર શક્તિ વિકસિત કરી તેમની રોજ બ રોજ ની સમસ્યાના સમાધાન માટે પાઠ્યપુસ્તક તેમને સક્ષમ બનાવે છે. વિવિધ વ્યક્તિ અભ્યાસના નમૂના, પ્રસંગો દ્વારા તેમને સારા નરસાનો ભેદ પરખવાતા શીખવાડી શકાય છે. વિવિધ ચોક્કસ પરિસ્થિતિમાં મૂકાય તો કયા કયા કામો કરી શકાય તે તેમને વિચારવા પ્રેરે છે. વિદ્યાર્થીઓમાં જેટલી નિર્ણય લેવાની ક્ષમતા વધે છે તેટલી તેની સ્વ – સંકલ્પના વધે છે. પરંતુ યાદ રાખવું કે એક જ જેવી બિબાઢાળ વિષયવસ્તુ અને પરિસ્થિતિઓ તેમને પાઠ્યપુસ્તકમાં આપવામાં આવે તો વિદ્યાર્થીઓ હતોત્સાહ થાય છે. આવા વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રણાલી પ્રત્યે વિદ્રોહી વલણ કેળવાય છે. વિદ્યાર્થીનીઓને યોગ્ય ઉમદા સ્ત્રી પાત્રોના દાખલા આપવાથી તેમને પ્રેરીત કરી શકાય છે. પાઠ્યપુસ્તકમાં એક અમાપ શક્તિ રહેલી છે કે તેના દ્વારા વિદ્યાર્થીઓની સ્વ – સંકલ્પના અને મનોબળને હકારાત્મક કે નકારાત્મક અસર કરી શકાય છે. ટૂંકમાં પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને પોતાની જાતને જોવાનો અને મૂલ્યાંકન કરવા માટેનો દ્રિષ્ટકોણ પૂરો પડે છે. સમાજમાં એક વ્યક્તિ તરીકે, લઘુમતી તરીકે, જાતિયતા અને રાષ્ટ્રિયતાના સંદર્ભમાં તેની સમાજ પ્રત્યેની ફરજો સમજવા માટેનો અવકાશ પૂરો પડે છે.

**પાઠ્યપુસ્તકનો અસરકારક રીતે ઉપયોગ**

પાઠ્યપુસ્તકનો અસરકારક રીતે ઉપયોગ કરવા વર્ષની શરૂઆતમાં થોડા તાસો સુધી શિક્ષક અને વિદ્યાર્થીએ સાથે મળી ને પાઠ્યપુસ્તકનું વિહંગાવલોકન કરવું જોઈએ.





શિક્ષકે આ દરમિયાન તેમને સમજાવવા જોઈએ કે સમગ્ર પાઠ્યપુસ્તકમાંથી તેમને કઈ કઈ બાબતો શીખવા મળશે? રોજીંદા જીવનમાં તે તેમને ક્યાં કામ લાગશે? જેથી વિદ્યાર્થીઓમાં નવી પાઠ્યવસ્તુ શીખવાની ઉત્તેજના જળવાઈ રહે.

**ઉપસંહાર**

રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં નિર્દિષ્ટ શિક્ષણના હેતુઓ અને ધ્યેયોને સિદ્ધ કરવા શાળાઓમાં પાઠ્યપુસ્તક ભણાવવામાં આવે છે. ભારત જેવા વિકસશીલ દેશોમાં પાઠ્યપુસ્તકો એ વિદ્યાર્થીઓ માટે એક માત્ર અધ્યયન સમગ્રી અને શિક્ષકો માટે અધ્યાપનનું એક માત્ર સાધન છે. શૈક્ષણિક વિચારો અને રાષ્ટ્રીય અભ્યાસક્રમને પાઠ્યપુસ્તક દ્વારા વ્યાખ્યાયીત કરી શકાય છે. પણ એને માત્ર અક્ષર સહ વળગી ન રહેતા, તેને માત્ર એક માર્ગદર્શિકા તરીકે સ્વીકારી શિક્ષકોએ આગળ વધવું. શિક્ષક માટે પાઠ્યપુસ્તક જડ માળખુ નથી પણ એક આધાર છે તે પ્રત્યેક શિક્ષકે યાદ રાખવું.

**સંદર્ભ સૂચિ:**

Robert O'Neill, (1982). Why use textbooks? ELT Journal Volume 36/2January, 1982. P. 101-111

Ostrava, C. R. (2013). Textbook and Educational Media. 12th International Conference on Textbooks and Educational Media. Retrived from xii_iartem_conf_textbooks_and_ed_media_in_a_digital_age.

Hussain, R. (2012) Students' views of impact of textbooks on their achievements. Retrived from http://ecommons.aku.edu/pakistan_ied_pdck.

શિક્ષણ દર્શનમાટેનું લવાજમ મોકલવાનું સરનામું :-
શ્રી અરવિંદભાઇ એલ મહેતા (Mo. 99980 08518)
૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,
સુભાનપુરા, વડોદરા- ૩૯૦૦૨૩

૧ વર્ષનું લવાજમ –૧૨૦ રૂ.
૩ વર્ષનું લવાજમ –330 રૂ.
૫ વર્ષનું લવાજમ –૫૫૦ રૂ.